વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
ઘનશ્યામ
૧૦ ડિસેમ્બર, ૨૦૨૪ ● વર્ષ : ૪૯ ● અંક : ૧૨



ભોજન બહુ રસે ભર્યાં, જુગતે કરિયાં જેહ, આણ્યાં ચોકી ઉપરે, તાજાં જમવા તેહ.
પાક બહુ પ્રકારના, વિધવિધનાં વ્યંજન, પૂર્યા કટોરા પ્રેમશું, જુગતે જમે જીવન.










અન્નકૂટ દર્શન : ૨૦૨૪


પધારો... પધારો... પધારો...

**મોડાસા** શહેરને આંગણે...

નૂતન

શ્રી સ્વામિનારાયણ મંદિરમાં...

**દિવ્ય આમંત્રણ**



દિવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ

22 December 2024 મોડાસા

રવિવાર સવારે ૭.૦૦ થી ૧.૦૦



ગુરુદેવ પ.પૂ. બાપજી



ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

સ્થળ : SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર, જીનિયસ સ્કૂલની સામે, માલપુર રોડ, મોડાસા. સંપર્ક : ૯૯૨૫૦ ૩૭૨૩૧



# દિવ્યવાણી

**(જ્ઞાનસત્ર–૧૮ની પ્રાત: સભામાંથી સંકલિત)**

ભગવાન સ્વામિનારાયણના હૃદયગત અભિપ્રાયો કોઈ આ લોકની વ્યક્તિ સમજી કે સમજાવી શકે જ નહીં. એ તો સ્વયં ભગવાન સ્વામિનારાયણ કાં તો ભગવાન સ્વામિનારાયણ જેમના સંપૂર્ણ કર્તા હોય એવા દિવ્ય સત્પુરુષ જ યથાર્થ સમજાવી શકે. સંપ્રદાયમાં નિત્યપ્રત્યે ઓરડાના પદોનું ગાન તો થાય છે પરંતુ તાજેતરમાં ઊજવાયેલ જ્ઞાનસત્ર-૧૮માં વ્હાલા ગુરુજી દ્વારા જે ઓરડાના ત્રીજા પદના પ્રારંભની ચાર પંક્તિનું વર્ણન થયું હતું તે અદ્‌ભુત હતું. આ પંક્તિમાં મહારાજનો અંતર્ગત અભિપ્રાય ગુરુજીએ શબ્દશ: સમજાવી સૌને વિષેથી માયિકદૃષ્ટિ ટળાવી દિવ્યદૃષ્ટિ કરાવી હતી. આ પંક્તિને તેઓએ જ્ઞાનસત્રના સારરૂપ-રહસ્યરૂપ ગણાવતાં તેને થીમ રૂપે આપી હતી. જાણે સ્વયં શ્રીજીમહારાજ જ પોતાનો અભિપ્રાય વર્તમાનકાળે આપણી સમક્ષ રજૂ કરી રહ્યા હોય તેવી દિવ્યાનુભૂતિ સૌ કોઈને થઈ રહી હતી. આવો, આજે ફરી એ પરભાવી વચનોને વાગોળી દિવ્યાનંદમાં ગરકાવ બનીએ.

“બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સહુને સંભળાવ્યાનું છે મન.
મારી મૂરતિ રે, મારા લોક, ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત.”

શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૪૨મા વચનામૃતમાં કહ્યું છે, ‘જ્યાં મહારાજની મૂર્તિ ત્યાં જ અક્ષરધામનું મધ્ય.’ મહારાજની મૂર્તિ, અક્ષરધામ બેય દિવ્ય છે. મહારાજ જ્યાં બિરાજે ત્યાં બધું દિવ્ય જ હોય. મહારાજ ગઢપુરમાં બિરાજતા, સભા થતી તો એ વખતની સભા, સ્થાન બધું દિવ્ય છે એનાથી આપણને શું લાભ ? કારણ, ત્યાં દિવ્ય છે પણ અહીંનું શું ?

જેઓના મતે શ્રીહરિ આ લોકમાં આવ્યા કે ગયા જ નથી એવા દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુજી પરોક્ષભાવે લખાયેલા શબ્દનો પ્રત્યક્ષાર્થ કરવા દીનભાવે મહારાજને પ્રાર્થના કરે કે, ‘ત્યાં’ શબ્દને બદલે મહારાજ ‘અહીં’ કરીએ તો શો વાંધો ? કેટલી મહારાજ સાથેની એકતાનાં દર્શન થાય ! મહારાજ સ્વયં સભામાં બિરાજે છે ને મહારાજ પ્રગટપણે પ્રાર્થના સાંભળે છે એવા વિશ્વાસ સાથે ગુરુજીનો મહારાજ સાથેનો વાર્તાલાપ સૌને પ્રગટની સભાની સહજ અનુભૂતિ કરાવી રહ્યો હતો.

'ત્યાં'નો અર્થ ૨૩૫ વર્ષ પહેલાંની વાત થઈ, અત્યારે નહીં !! પણ મહારાજ તો સદાય પ્રગટ, પ્રગટ ને પ્રગટ જ છે. આ સભામાં પણ મહારાજ પ્રગટ બિરાજે છે. એ જ અનાદિમુક્તોનો સમાજ પોતાની સાથે લાવ્યા છે. ત્યારે 'ત્યાં'ના બદલે 'અહીં' શબ્દ બોલવામાં વાંધો શો ? કહી ગુરુજીએ સુધારા સાથેની પંક્તિ બોલાવી. જેથી સૌને દેહભાવથી પરની સભા હોવાની સહજ અનુભૂતિ થઈ હતી.

"મારી મૂરતિ રે, મારા લોક, ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, અહીં તો જોયાની છે જુક્ત."

આ પંક્તિમાં મહારાજે પોતાનો અભિપ્રાય જણાવ્યો કે, અમારી મૂર્તિ, અમારા લોક કહેતાં જેટલા અમારા થયા છે તે, અમારા ભોગ કહેતાં અમારા સંબંધમાં આવેલાં વસ્તુ, પદાર્થ તથા અમારા મુક્ત તે સર્વે દિવ્ય છે. માયિક ચક્ષુએ કરી આ બધું માયિક જ ભાસશે. પરંતુ દિવ્ય દેખવા માટે સૌપ્રથમ માયિકપણાની માનીનતા છોડી સર્વે દિવ્ય જ છે એવી માનીનતા દૃઢ કરવી જોઈશે. શેના આધારે ? તો શ્રીજીમહારાજના જ વચનોના આધારે. મહારાજ આપણા બાપ છે. આપણા બાપનું વચન હેઠું ન પડવા દઈએ.

મહારાજે ગઢડા મધ્યના ૧૪મા વચનામૃતમાં કહ્યું છે કે, લીમડો એટલે લીમડો અને આંબો એટલે આંબો; એમાં કદી ફેર પડતો નથી. તેમ એક વાર મહારાજના વચનમાં વિશ્વાસ રાખી સૌને વિષે દિવ્યભાવની દૃઢતા કરવી. મહારાજના પરભાવના વચન ઝીલવા, પરભાવના શબ્દો ઝીલવા આપણે પરભાવી પાત્ર થવું જોઈએ.

જે સ્થાનમાં જવું હોય તે માર્ગે ચાલવું જોઈએ તેમ આપણે પરભાવમાં સ્થિર થવું છે તો પરભાવના માર્ગે ચાલવું ફરજિયાત છે. સંતો-ભક્તો, પરિવારના સભ્યોને વિષે અવરભાવના ભાવ, દેહભાવ, દેહદૃષ્ટિ જ પાકી થઈ ગઈ છે. એટલે આટલા ૧૭-૧૭ જ્ઞાનસત્રનો લાભ લીધા પછી પણ પરિવર્તન થતું નથી. ૨૦૦-૨૦૦ વર્ષથી એટલે જ આંટા મારીએ છીએ. મહારાજનાં વચનો દ્વારા દૃઢ થઈ ગયેલી દેહદૃષ્ટિને તોડી સૌને વિષે પરભાવની દિવ્યદૃષ્ટિ કરવાની છે. આ એક થશે તો જ મૂર્તિસુખનાં દ્વાર ખૂલશે. જે દેહદૃષ્ટિ આપણા આનંદને છીનવી લે છે તે દેહદૃષ્ટિને છીનવીને પરભાવ દૃઢ કરવો છે.

આપણને શ્રીજીમહારાજના સંબંધમાં આવેલી વસ્તુ કહેતાં પ્રસાદીના વાઘા, પ્રસાદીના વૃક્ષનું લાકડું, પ્રસાદીના ઓટા કે ઢોલિયામાં દિવ્યભાવ રહે છે, એનાં દર્શન થતાં જ આપણે તેને દિવ્યભાવે સ્પર્શ કરી માથે ચડાવીએ છીએ. પ્રસાદીની વસ્તુ વિજાતિ દિવ્ય હોવા છતાં, જડ પદાર્થ હોવા છતાં તેના માટે અહોહોભાવ વર્તે છે પરંતુ મહારાજના સંબંધવાળા સજાતિ દિવ્ય એવા સંતો-હરિભક્તોમાં દિવ્યભાવ સમજવામાં થાપ ખાઈ જઈએ છીએ. મહારાજે ભક્તચિંતામણિના ૭૬મા પ્રકરણમાં આપણી ગેરમાનીનતા દૂર કરવા વાત કરી છે કે,

"પછી પ્રભુજી બોલિયા, તમે સાંભળો હરિજન સહુ;
અતિ રહસ્ય એકાંતની, એક વાલ્યપની વાત કહું.
આ સભામાં આપણ સહુનાં, તેજોમય તન છે;
છટા છૂટે છે તેજની, જાણે પ્રકટિયા કોટિ ઇંદુ છે."

આ સભા એટલે માત્ર જેતલપુરના મહોલ પર બેઠેલી સભાની જ વાત નથી. અહીં ઉપસ્થિત સભા અને સભાજનોની વાત છે. કારણ કે આ સભામાં શ્રીજીમહારાજ પ્રગટ છે. મહારાજના સંબંધવાળા અનાદિમુક્તો બિરાજે છે. અનાદિમુક્ત મૂર્તિમાં છે. બધાનો દેખાવ મહારાજનો છે માટે સર્વેનાં તેજોમય તન છે. ભલે બધાનાં તેજોમય તન દેખાતાં ન હોય પરંતુ મહારાજના વચને માંહીથી હા પાડી દેવી કે બધા તેજોમય જ છે. આ જ પરભાવ. દેખાતું નથી ને સમજવાનું છે એ જ પરભાવ. પરિવારના સભ્યોમાં પણ દીકરા, દીકરી, પત્નીના ભાવ ટાળવા. બધા મહારાજના અનાદિમુક્તો જ છે. સ્વયં શ્રીજીમહારાજે કહ્યું છે,

'સત્સંગ મેં અબ આયો હૈ જે તે, સંત હરિજન બાઈઓ તે તે,
સબ હૈ મુક્ત અનાદિ એહી, સૌ ભાવ અબ ભૂલ ગયે તેહી.'

હૈ એટલે વર્તમાનકાળ. દિવ્ય હતા નહિ; અત્યારે છે એ સર્વે દિવ્ય છે. પણ આપણે અને સામે બધા એ દિવ્યભાવને ભૂલી ગયા છીએ એ દૃઢ કરવા માટે આ જ્ઞાનસત્ર છે. પાંચ દિવસમાં એ દિવ્યભાવ દૃઢ કરવાનો છે. અનાદિકાળની દેહદૃષ્ટિ ઉડાડવાની છે. પહેલા દિવ્ય સમજો તો પછી દિવ્ય દેખાશે. માટે પહેલા સમજણ પાકી કરવી. મહારાજના પરભાવી સંકલ્પની શરૂઆત ઘર-પરિવાર, નિકટ રહેનારાથી કરવી. ભલે કોઈનામાં તેજોમય તેજનાં દર્શન ન થાય પણ મહારાજના વચનથી નિરુત્થાનપણે સ્વીકારવું કે, સૌ અનાદિમુક્તો જ છે. સૌને દિવ્ય સમજાય તો આપણે દિવ્ય થતા વાર ન લાગે.

વ્હાલા ગુરુજીની વસ્ત્રાલ ખાતે પધરામણી હતી. મૌલિકભાઈ પાનસૂરિયા નામના યુવકમુક્ત ત્યાં પધરામણીએ આવેલા. તેમની સાથે ૧૦-૧૫ સ્ટાફના સભ્યોને લઈને આવેલા. યુવકમુક્તની ઉંમર ૩૩ વર્ષની હતી પણ સરકારી ઑફિસરની પોસ્ટ પર આવી ગયેલા તેથી તેમની સાથે આવેલા ૫૦-૫૫ વર્ષની ઉંમરના સ્ટાફના સભ્યો આ યુવકમુક્તને સાહેબ... સાહેબ... કહીને બોલાવે. કેમ ? પોસ્ટ મોટી મળી ગઈ હતી. એનું માથું મોટું છે ભાઈ ! તેમ બધા ભલે દેખાય અવરભાવના પરંતુ ભગવાન સ્વામિનારાયણે અનાદિમુક્તની પોસ્ટ આપી બધાને એમના જેવા દિવ્ય તેજોમય કરી દીધા છે !! એ નિર્વિવાદ વાત છે. પછી તેમના અવરભાવના સ્વભાવ, પ્રકૃતિ, દોષ, રીત-રસમ સામે જોવાનું જ ન હોય. અવરભાવમાં બધાનું બધું જુદું જુદું દેખાવાનું. પરંતુ પરભાવમાં સર્વે અનાદિમુક્તો જ છે એવી ઠાવકી ઘેડ્ય પાડી દેવી; નહિતર સત્સંગમાં આજે નહિ તો કાલે વિઘ્ન આવી જાય.

**દિવ્યભાવ એ જ મૂર્તિસુખ.**

એક વખત મહારાજે સદ્. મુક્તાનંદ સ્વામીના મંડળમાં પૂર્વ હિન્દુસ્તાની સંતોનો સમાવેશ કર્યો. જેમની ભાષા અને પ્રાંત ભેદને કારણે સદ્. મુક્તાનંદ સ્વામી સહિત સર્વે અન્ય સંતોને તેમનું વર્તન વિચિત્ર લાગતું. આથી સ્વામીએ મહારાજને ફરિયાદ કરી કે, ''આ સંતોને બીજા મંડળમાં મૂકી દો ને મને સારા સાધુ આપો તો સારું.'' મહારાજે પૂછ્યું, ''બદલી કરવાનું કારણ શું ? એ સંતોની નિષ્ઠામાં, નિયમ-ધર્મ, સાધુતામાં ફેર છે ?'' સ્વામીએ કહ્યું, ''ના મહારાજ, તેમની અમુક રીતભાત, વર્તન, બોલી કોઈને ગમતી નથી.'' મહારાજે કહ્યું, ''સ્વામી, એ વાત અત્યારે રહેવા દો ને ધ્રાંગધ્રામાં બીજા સંપ્રદાયના ભેખધારી સાધુઓ જોડે જઈને રહો.'' સ્વામી ધ્રાંગધ્રા પહોંચ્યા. ત્યાંના સાધુઓ કોઈ છીંકણી સૂંઘે, કોઈ ચલમ પીવે; સાધુતાનો છાંટોય જોવા ન મળે. સ્વામી અકળાઈ ગયા ને કીર્તન બનાવી મહારાજને મોકલ્યું ને પરત ગઢપુર બોલાવી લેવા પ્રાર્થના કરી. ''મારા વાલાજી શું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ.''

સ્વામીને સમજાઈ ગયું કે, આ સત્સંગમાં જેવા સંતો-ભક્તો છે એવા વર્તનવાળા સાધુ જગતમાં બીજે ક્યાંય નથી.

એમ, આપણે સત્સંગમાં જે સંતો-હરિભક્તો સાથે તથા ઘર-પરિવારમાં જે સભ્યો સાથે રહેવાનું છે તે બધા મહારાજના મુક્તો છે.

અવરભાવનાં સ્વભાવ-પ્રકૃતિ કદાચ દેખાય તોપણ તે બધા મહારાજના સિક્કા મારેલાં પાત્રો છે. મહારાજે ગઢડા મધ્યના ૬૩મા વચનામૃતમાં કહ્યું છે કે, ''ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે; એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહીં.''

અંતમાં વ્હાલા ગુરુજીએ રુચિ જણાવેલી કે, ''સૌમાં દિવ્યદૃષ્ટિ કેળવવી એ જ પુરુષોત્તમરૂપ પાત્ર થવાનો મોટામાં મોટો ઉપાય છે.'' માટે રોજિંદા જીવનમાં આવો દિવ્યભાવ દૃઢ કરવા રોજ,

(૧) પરિવારના સભ્યોને દિવ્યભાવે ચરણસ્પર્શ કરી જય સ્વામિનારાયણ કહેવા જ. (૨) પરિવારના સભ્યો કે સત્સંગમાં સંતો-ભક્તો ઠાકોરજી જમાડતા હોય ત્યારે અચૂક બે દંડવત્ પ્રણામ દિવ્યભાવે કરવા જ. (૩) સત્સંગ કે ઘર-પરિવારમાં કોઈ આપણાથી દુભાઈ ગયા હોય તો ક્ષમાયાચના કરી રાજી કરી લેવા. અંદરથી પડી ગયેલી પૂર્વાગ્રહની ગાંઠને છોડી નાખવી. જેઓ આપણા જેવા અનંતની ભૂલો, કસરો, સ્વભાવોને સંપૂર્ણપણે જોતાં-જાણતાં હોવા છતાં સૌને પ્રેમથી ભેટી શકે છે, પ્રેમથી બોલાવી નિકટ લઈ શકે છે, પરભાવી સંકલ્પમાં ભેગા ભેળવી સંકલ્પના ભાગીદાર બનાવી શકે છે એવા ગુરુજીના દિવ્યજીવનમાંથી આપણે પણ આ દિવ્યભાવની રીતની પ્રેરણા લઈએ. ગુરુજીએ આપેલ રુચિ-લેસનને સ્વજીવનમાં ઉતારી દિવ્યભાવના માર્ગે પ્રયાણ કરી સદાય સુખિયા રહીએ.


SMVS

ઘનશ્યામ

**૧૦ ડિસેમ્બર, ૨૦૨૪ ● વર્ષ : ૪૯ ● અંક : ૧૨**

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ

**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે,
ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org

કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

**GHANSHYAM**

10 December, 2024 • Year : 49 • Edition : 12



**ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સએપ નંબર આજે જ વૉટ્સએપ કરો :**

**૯૪૦૮૩૨૦૦૩૬**

**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**



પરભાવી પમરાટ,
સર્વત્ર દિવ્યભાવનો માહોલ,
દેહ છતાં દેહાતીતપણાનો અનુભવ,
પરભાવી દિવ્ય દુનિયામાં વિહરવાનો દિવ્ય અવસર એટલે જ

# જ્ઞાનસત્ર-૧૮



તા. ૪-૧૧-૨૦૨૪થી તા. ૮-૧૧-૨૦૨૪ દરમ્યાન પાંચ-દિવસીય જ્ઞાનસત્ર-૧૮ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગરની સંકલ્પભૂમિ ઉપર શાનદાર રીતે ઊજવાઈ ગયું. જ્ઞાનસત્રની ભવ્યતાને જૂજ શબ્દોમાં રજૂ કરવી હોય તો 'પરભાવી દુનિયાનું આ બ્રહ્માંડમાં સર્જન.' ગુરુજીના સાંનિધ્યમાં જેનો અહેસાસ મુમુક્ષુ હરિભક્તો કે જેઓ એક મૂર્તિસુખને પામવા તત્પર છે તેમનાથી લઈ પ્રથમ વખત નવા આવેલા હરિભક્તોને પણ પાત્રતા પ્રમાણે થયો હતો.

'બોલ્યા શ્રીહરિ રે...' થીમ પંક્તિ દ્વારા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ મહારાજ, મોટાપુરુષ, સંતો-ભક્તો, સ્વ-સ્વરૂપ અને સ્થળ-સ્થાનને વિષે ખરેખરો પરભાવ પરઠવાનું પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતું. જેને પ્રેક્ટિકલ કરતાં સમગ્ર એસ.એમ.વી.એસ.નો સમાજ દિવ્યભાવની દુનિયામાં ડૂબી ગયો હતો.



**પ્રેમલક્ષણા ભક્તિ સત્ર**

સર્વોપરી, સર્વાધાર એવા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણને વિષે પ્રેમલક્ષણા ભક્તિ તથા પ્રગટભાવના દૃઢાવ હેતુક પ્રાતઃ સત્રના પ્રારંભે હરિભક્તો રાજાધિરાજ ઘનશ્યામ પ્રભુને ચમર ઢોળવાનો, ધર્મદંડ ને ધર્મધજા લઈને શ્રીજીમહારાજના પાળા બનવાની સેવાનો લાભ તથા પૂ. સંતો ધૂપ, દીપ અને નૈવેદ્ય ધરાવવાનો અદ્‌ભુત લાભ લઈ મૂર્તિમાં ગરકાવ થતા હતા. આ સમયે કીર્તનની સુરાવલિઓ સાથે મહારાજની સ્તુતિ તથા મૂર્તિના વર્ણન દ્વારા વાતાવરણમાં દિવ્યતાની સુવાસ પ્રસરતી હતી. એમાંય જ્ઞાનસત્રના પ્રથમ દિને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ શ્રી ઘનશ્યામ પ્રભુના અદના સેવક થઈ ચમર ઢોળવાનો તથા ધર્મદંડ ગ્રહણ કરવાનો લાભ લીધો. પોતે પરભાવનું સ્વરૂપ હોવા છતાં પાળા કે બ્રહ્મચારી બની દાસાનુદાસ થઈ, મહારાજનો અદકેરો મહિમા સમજાવ્યો. વળી, પછીના દિવસોમાં પણ આવી અદની સેવા ગ્રહણ કરી સમગ્ર સમાજને શ્રીહરિ પરત્વેની પ્રેમલક્ષણા ભક્તિ તથા દાસત્વભાવની દુનિયામાં ગરકાવ થવાની અદ્‌ભુત રીત શીખવી હતી.

**દિવ્યભાવમાં ડુબાડતાં પ્રાતઃ સત્રો**

‘બોલ્યા શ્રીહરિ રે...’ શ્રીહરિના આ અમૃત વચનોથી જ્ઞાનસત્રના પ્રાતઃ સેશનો ગુંજતાં રહેતાં. આ જ્ઞાનસત્રના હાર્દસૂત્રને









મધ્યવર્તી બિંદુ બનાવી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ જ્ઞાનસત્રના તમામ પ્રાતઃ સેશનોમાં પાંચેય સ્વરૂપોને વિષે પરભાવીતા દઢ કરાવી હતી. એમાંય ગુરુજી રચિત નૂતન પ્રાર્થના ‘અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...’ દ્વારા સમગ્ર સમાજ પરભાવમગ્ન થઈ જતો. વળી, ગુરુજી રચિત નૂતન કીર્તનો ‘મારા મહારાજ...’નાં ચાર પદો દ્વારા સારોય સભામંડપ મૂર્તિમાં ઝૂમી ઊઠતો. જ્ઞાનસત્રના અંતિમ પ્રાતઃ સત્રમાં ગુરુજી રચિત રાજીપા કીર્તન, ‘મહારાજ મોટાનું હાસ્ય છે ન્યારું...’ દ્વારા ગુરુજીએ સમગ્ર સમાજને મહારાજ ને મોટાના રાજીપાનું મૂલ્ય સમજાવી રાજીપામાં જ રહેવાની ભલામણો કરી હતી. પ્રાતઃ સેશનનો પ્રારંભ સવારે ૭:૩૦ વાગ્યે કીર્તનભક્તિથી થતો. ત્યારથી લઈ બપોરના ૧૧:૩૦ વાગ્યા સુધી બંને સભામંડપો હકડેઠઠ ભરાયેલા રહેતા. ગુરુજીની પરાવાણી દ્વારા સમગ્ર સંતો-હરિભક્તો એવા તો પરભાવમગ્ન થઈ જતા કે સૌ કોઈ સમય અને સ્થળના ભાવો ભૂલી જતા. આ પ્રાતઃ સેશનમાં ગુરુજી મુમુક્ષુને મૂર્તિમાં રહેવાની વાત પ્રૅક્ટિકલ બતાવીને એ માર્ગના અનુભવી કરતા હતા. ગુરુજી વચનામૃતને અનુભવામૃત રૂપે પિવડાવતા હતા. પ્રાતઃ સત્રના અંતિમ ચરણે ગુરુદેવ પ.પૂ. બાપજીના દયાસિંધુ સરીખા આશીર્વાદની વર્ષા થતી હતી : “આ લોક ને









પરલોકમાં સૌને સુખિયા કરો. સદાય મૂર્તિના સુખમાં રાખ્યા છે એની હા પડાવો.'' ''સૌનો અવરભાવ ટળી જાય ને પરભાવમાં વર્તાય એવી દયા કરો.'' ''બધાને દિવ્ય કરીને એમની મુશ્કેલીઓ દૂર કરી સૌ માલંમાલ થાય એવી કૃપા કરો...'' આ પરભાવી પ્રાતઃ સેશનોમાં દરરોજ આશરે ૧૦,૦૦૦થી વધુ હરિભક્તોએ પ્રત્યક્ષ તથા ઑનલાઈન માધ્યમે લાભ લઈ છતે દેહે મૂર્તિસુખની અનુભૂતિ કરી હતી.

### વિધ વિધ સભા

પ્રાતઃ સેશન બાદ કિશોર તથા યુવક મુક્તોની સેન્ટરવાઈઝ પૂ. સંતો દ્વારા તથા કિશોરી તથા યુવતી મુક્તોની પૂ. ત્યાગી મહિલામુક્તો દ્વારા ગ્રૂપસભાઓ થતી. જેમાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના પરભાવી સંકલ્પો, આગ્રહો-રુચિઓના પુનરાવર્તન દ્વારા સમાજને દૃઢતાના માર્ગે આગળ વધવાનું વિશેષ બળ મળતું. આ ગ્રૂપ સભામાં હજારો હરિભક્તો લાભ લઈ ગુરુજીના સંકલ્પોથી હર્યાભર્યા થયા હતા. 'સમર્પણ સ્નેહ સભા'માં સંસ્થામાં સમર્પિત થયેલ પૂ. સંતો તથા પૂ. ત્યાગી મહિલામુક્તોના પૂર્વાશ્રમના માતાપિતાની સમર્પણ સ્નેહ સભા કરી વ્હાલા ગુરુજીએ કૃપાવર્ષા પ્રૉજેક્ટનો ઉદ્‌ઘોષ કર્યો હતો. તેમજ સૌને રાજીપો આપ્યો હતો. ગુજરાત સિવાયના હિન્દી ભાષી સમાજ માટે વિશિષ્ટ હિન્દી સભામાં પધારી ગુરુજીએ સૌને ગુરુદેવના મહિમાથી ભરી દીધા હતા.







આ ઉપરાંત, બાળ-બાલિકા શિબિર, SBS સભા, SKS સભા તથા SBS પૅરન્ટ્સ મિટિંગ દ્વારા સર્વે સમાજને પૂ. સંતોનો વિશેષ લાભ મળ્યો હતો. આમ, જ્ઞાનસત્રમાં વિધ વિધ સભામાં ગુરુજીએ આબાલથી લઈ વૃદ્ધ સુધીના સર્વેને સુખિયા કર્યા હતા.

### વિશિષ્ટ કાર્યક્રમો

સમગ્ર એસ.એમ.વી.એસ. પરિવારના રગેરગમાં દિવ્યભાવની ફોરમ પ્રસરે તે માટે ગુરુજીના સંકલ્પે જ્ઞાનસત્રના પાંચેય દિવસ અવનવા વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન થયું.

























જેમાં પ્રથમ દિને પૂ. સંતોએ તમામ હરિભક્તોનું ચંદનથી પૂજન તેમજ કંકણ બંધન કર્યું, દ્વિતીય દિને ગ્રૂપ સભામાં પૂ. સંતો-હરિભક્તોની ભેટણ લીલાનો પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. વળી, સાયં સેશનમાં સંસ્થામાં નીચી ટેલની સેવા કરતા ગરીબડા પૂ. સંતો-હરિભક્તો દ્વારા ગુરુજીનું પૂજન-અર્ચન કરવાનું હતું. તેની જગ્યાએ દાસત્વભાવની સાક્ષાત્ પ્રતિમા એવા ગુરુજીએ જણાવ્યું, “આ સંતોનું પૂજન મારે કરવું છે, એ અમારું પૂજન કરે એવું નહીં. હું એમનું પૂજન કરવા આવીશ.” એમ જણાવી ગુરુજી સ્વયંના સ્થાનેથી પૂ. સંતો પાસે પધાર્યા. દરેક પૂ. સંતોને ચંદનથી પૂજન તથા હાર પહેરાવી, નીચે નમી ચરણસ્પર્શ કર્યા. એટલું જ નહિ, સ્ટેજની બીજી બાજુ હરિભક્તોનું પણ પૂજન કરી દંડવત કર્યા. પરિણામે સમગ્ર સમાજમાંથી નાના-મોટા, નવા-જૂનાના ખ્યાલો દૂર થયા. ગુરુજીની કેવી અલૌકિક રીતિ ! સ્વવર્તન દ્વારા સમગ્ર સમાજમાં દિવ્યભાવ પ્રવર્તાવે. વળી, ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સંસ્થાના તમામ પૂ. સંતોને ભેટણ લીલાનો, કંઠમાં માળા પહેરાવવાનો અને મુખમાં પ્રસાદી મૂકવાનો લાભ આપી સમાજને દિવ્યતામાં ગરકાવ કર્યો હતો. જ્ઞાનસત્રના અંતિમ દિને યજમાન મુક્તો દ્વારા સંસ્થાના તમામ પૂ. સંતો તથા મહિલા વિભાગમાં પૂ.



પૂ. ત્યાગી મહિલામુક્તોનું એકસાથે પૂજન થયું હતું. આમ, વિશિષ્ટ કાર્યક્રમોમાં અરસપરસ ચારેય સ્વરૂપના મહિમા દૃઢતાનું લક્ષ હતું. જેની અનુભૂતિ સર્વે જ્ઞાનસત્રાર્થીઓએ કરી હતી.

### અસ્મિતાસભર અને સુખકર સાયં સત્રો

જ્ઞાનસત્રના પ્રથમ દિને વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પૂ. સંત મંડળ સહિત સાયં સેશનના પ્રારંભે અનાદિમુક્ત પીઠિકાએ દર્શન કરવા પધાર્યા. ત્યાંથી ઘનશ્યામ મહાપ્રભુને દિવ્ય રથમાં બિરાજિત કરી, તેઓની સાથે વ્હાલા ગુરુજી સંત મંડળ સાથે ભક્તિયાત્રાના રૂપમાં સભામંડપમાં પધાર્યા. ભક્તિયાત્રા મુખ્ય સભામંડપમાં પ્રવેશતાં પૂર્વે વડીલ પૂ. સંતોએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજનું પૂજન કરી વ્હાલા ગુરુજીનું પુષ્પહારથી પૂજન કરી હાર ધારણ કરી રાખવા માટે પ્રાર્થના કરી. પણ જેઓ હારથી પોતાના અસ્તિત્વને ઉપસાવવા કરતાં શ્રીહરિની મૂર્તિમાં પોતાના અસ્તિત્વને લીન કરી વર્તે છે એવા ગુરુજીએ હારને પ્રસાદીરૂપ કરી હરિભક્તોને પહેરાવી દીધો. આમ, સદાય જીત સ્વરૂપ મહારાજના દિવ્યપુરુષ ક્યારેય માન-મોટપ કે હાર રાખતા નથી.

હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજી મુખ્ય મંચ પર પધાર્યા અને સાયં સત્રનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો. સાયં સત્રોમાં પ્રથમ દિને સિદ્ધાંતની અસ્મિતા તથા દ્વિતીય દિને સંસ્થાની અસ્મિતાથી સૌ સભર થયા. વળી, તૃતીય અને ચતુર્થ દિને ગુરુજીના


















સંકલ્પે હેપી ફેમિલિ કરવા સૌ મીઠી વાણી કીર્તન દ્વારા મીઠી વાણીનું મહત્ત્વ સમજ્યા હતા. અસ્મિતા અને મીઠી વાણીના સંકલ્પને પુષ્ટ કરવા સંસ્થાના વિવિધ ઝોનમાંથી પૂ. સંતોના માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રોગ્રામ રજૂ થયા હતા. જેવા કે, સંવાદ, વિડિયો દર્શન, સ્વાનુભવ, રાજીપાદર્શન, સંત પ્રવચનો વગેરે. સાયં સેશનનો મુખ્ય મહત્ત્વનો લાભ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની જીવનસ્પર્શી દિવ્યવાણીનો હતો. જેનાથી સમગ્ર સમાજ અસ્મિતાસભર થયો હતો અને મીઠી વાણી બોલવાના દિવ્ય પાઠ શીખ્યો હતો. આમ, સંધ્યા સત્રમાં અવરભાવમાં આનંદમય જીવન જીવવાના પાઠ ગુરુજીએ સૌને શીખવ્યા હતા.


### સંસ્થાકીય માહિતી દર્શન

સાયં સત્રોના પ્રારંભિક ચરણમાં સંસ્થામાં ચાલતી વિધ વિધ આધ્યાત્મિક તથા સામાજિક પ્રવૃત્તિ જેવી કે, આદર્શ પ્રૉજેક્ટ, એસ.એમ.વી.એસ. ગોટ ટેલેન્ટ તથા ગીર ગૌશાળાની માહિતી હજારો હરિભક્તોને આપવામાં આવી હતી. જેના દ્વારા સંસ્થા પરત્વે સૌને મમત્વભાવની દૃઢતા થઈ હતી. એ જ રીતે એસ.એમ.વી.એસ.નાં તીર્થસ્થાનો ગોધર, ટોરન્ટો તથા જર્સીસિટીના અભિષેક મંદિરની માહિતી તેમજ સ્વામિનારાયણ ધામ તથા મહેસાણા હરિકૃષ્ણ મહારાજની મહાપૂજાની વિગત તથા અનાદિમુક્ત પીઠિકાનું મહાત્મ્ય પૂ. સંતો દ્વારા વર્ણવાયું હતું. આમ, આ સત્રમાં સંસ્થાની સામાજિક-આધ્યાત્મિક પ્રવૃત્તિનું જ્ઞાન હરિભક્તોએ પ્રાપ્ત કર્યું હતું.


























### સદ્‌ગુરુ વંદના

તા. ૯-૧૧-૨૦૨૪ના પ્રાતઃ સત્રમાં જેમને લઈને સમગ્ર સમાજમાં દિવ્યતાનું વાતાવરણ પ્રસર્યું છે તેવા વ્હાલા ગુરુજીના પૂજન માટે સૌ સંતો-હરિભક્તો થનગની રહ્યા હતા. સંસ્થાના પૂ. વડીલ સંતોએ તથા વડીલ હરિભક્તોએ ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજીનું વિશિષ્ટ હારથી પૂજન કર્યું હતું. ગુરુજીની અરુચિ હોવા છતાં ગુરુદેવ પ.પૂ. બાપજી રચિત એસ.એમ.વી.એસ. બંધારણની રૂએ ગુરુ મહાત્મ્યથી રસભીના સમગ્ર સમાજ સમક્ષ પૂ. વડીલ સંતે નિર્ણય જાહેર કર્યો કે, ‘‘ગુરુજીની અનિચ્છા હોવા છતાં પૂ. સંતો તથા હરિભક્તોની માંગણી અને પ્રાર્થનાને ધ્યાન પર લઈ તથા બંધારણમાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ કરેલ આજ્ઞાને લઈ આજ સુધી દરેક મંદિરના દર્શન ખંડમાં સોફા પર ગુરુદેવ પ.પૂ. બાપજીની મૂર્તિ બિરાજમાન રહેતી ત્યાં હવેથી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની મૂર્તિ બિરાજમાન કરી છે તેમજ એમના આસન ઉપર વિશિષ્ટ ફ્રેમયુક્ત સિંહાસન બનાવી ગુરુદેવ પ.પૂ. બાપજીની મૂર્તિ બિરાજમાન થશે.’’ આ નિર્ણયને સમગ્ર સમાજે હર્ષોલ્લાસ સાથે તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો.










### પ્રૉજેક્ટ ઉદ્‌ઘોષ

ચતુર્થ દિને પ્રાતઃ સત્રમાં ગુરુજી દ્વારા બે પ્રૉજેક્ટનો ઉદ્‌ઘોષ થયો : (૧) સ્વામિનારાયણ મહામંત્રના પ્રાગટ્યને ૨૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે તે નિમિત્તે સર્વે સમાજે પરિવાર દીઠ ૧ વર્ષમાં ઓછામાં ઓછી ૨૫ મંત્રલેખનની નોટ લખવી. (૨) દર મંગળવારે રાત્રે ૯થી ૧૦ સંતવાણી પ્રૉજેક્ટ અન્વયે સંસ્થાના પૂ. વડીલ સંતો દ્વારા ઑનલાઈન સભાનો લાભ મળશે.

### મહાઆરતી


જ્ઞાનસત્રના સાયં સત્રોમાં દરરોજ મંચ પર ભવ્ય સિંહાસન પર બિરાજમાન રાજાધિરાજ મહાપ્રભુની શાનદાર મહાઆરતી પૂ. વડીલ સંતો ઉતારતા ત્યારે સમગ્ર વાતાવરણ દિવ્યતાસભર બની જતું. વળી, હરિભક્તો ચમર ઢોળવાનો તથા ધર્મદંડ પકડવાનો લાભ લઈ શ્રીહરિના પ્રગટભાવની દૃઢતા કરતા. ચતુર્થ દિનના સાયં સત્રમાં સમગ્ર સમાજને સમૂહઆરતીનો લાભ મળ્યો હતો. તે દિવસે સમગ્ર મહાઆરતીની સેવાનો લાભ પૂ. સંતોએ અને શ્રીહરિની મહાઆરતી ઉતારવાનો વ્હાલા ગુરુજીએ લાભ લીધો હતો. આ ક્ષણે સભા મંડપમાં ગગન મંડળ તારલાઓ સાથે ઊતરીને મહાપ્રભુને રીઝવતું હોય એવી પ્રતીતિ સર્વત્ર થઈ રહી હતી.



















### ગુરુજી દર્શન વિભાગ

જ્ઞાનસત્ર-૧૮ અન્વયે નવા મુમુક્ષુઓને તથા સર્વે લાભાર્થીઓને ગુરુજીનાં નિકટ દર્શનનો લાભ મળે તે હેતુથી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દર્શન વિભાગની રચના કરવામાં આવી હતી. જેમાં દરરોજ સવારે ૬:૩૦થી ૭:૪૫ અને સાંજે ૩:૪૫થી ૫:૦૦ દરમ્યાન ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દર્શન-આશીર્વાદની વર્ષા વરસાવવા બિરાજતા અને સૌને દિવ્યભાવે દર્શન કરવાની રીત શીખવી દર્શનાર્થીને દિવ્યાનંદની અનુભૂતિ કરાવતા. પાંચ દિવસમાં રોજના સરેરાશ ૫૧૦૦થી વધુ મુમુક્ષુઓએ દર્શનનો લાભ લીધો હતો. એ જ રીતે દરરોજ સાયં સત્રના અંતે ઝોનવાઈઝ હરિભક્તોને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનો નિકટ દર્શન-પૂજનનો લાભ મળતો. દર્શન દરમ્યાન ગુરુજી સંકલ્પ સહિત પ્રસાદ આપી સૌનું પરભાવી સેવન કરતા હતા. આમ, ૩૫૦૦થી વધારે હરિભક્તોએ મુખ્ય સભામંડપમાં નિકટ દર્શનનો લહાવો માણ્યો હતો.

### રાજીપાદર્શન

જ્ઞાનસત્રના અંતિમ દિને રસોડા, પાર્કિંગ, સ્વચ્છતા તથા પ્લાનિંગની ૧૦૮ની ટીમ તથા અન્યત્ર વિભાગમાં નાની-મોટી સર્વે સેવા કરનાર હરિભક્તો ઉપર ગુરુજીએ સ્વમુખે અંતરનો રાજીપો વરસાવ્યો હતો તથા જ્ઞાનસત્રને ધબકતું રાખનાર કીર્તન ભક્તિ ટીમ અને AVD ટીમના સભ્યો ઉપર પણ અંતરનો રાજીપો વરસાવ્યો હતો.





# ગુરુજીની ભલામણ

'બોલ્યા શ્રીહરિ રે...' શ્રીહરિના આ પરભાવી દુનિયા રચવાના સંકલ્પને સાકાર સ્વરૂપ આપવા તથા અનાદિમુક્ત વિશ્વમ્‌માં પગરણ માંડતાં પૂર્વે સત્સંગ સમાજને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ભલામણ કરી છે :

- દરરોજ સવારે પૂજામાં 'અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...' આ પ્રાર્થના અવશ્ય કરવી.
- દરરોજ આગ્રહપૂર્વક જ્ઞાન-ધ્યાન ચિંતનનો લાભ લેવો.
- મંદિરે દર્શને જઈએ ત્યારે ચરણરજ અહોભાવથી મસ્તકે ચડાવવી.
- હરિભક્તો પૂ. સંતોનાં દર્શન કરવા જાય ત્યારે પૂ. સંતોને બે દંડવત અવશ્ય કરવા.
- સત્સંગ સમાજમાં કોઈ સત્સંગી ધામમાં જાય તો સ્મશાને જવું, શ્રદ્ધાંજલિ સભા ભરવી.

પરિવારમાં તથા સત્સંગમાં અરસપરસ દિવ્યભાવ તથા આત્મીયતાભર્યું વાતાવરણ રહે તે માટે ગુરુજીએ જણાવેલા સંકલ્પો :


- દરરોજ ઠાકોરજી જમાડતી વખતે 'મીઠી વાણી...' કીર્તનનું શ્રવણ, મનન કરવું.
- ઘરના સભ્યોને ચરણસ્પર્શ કરી 'દયાળુ, રાજી રહેજો જય સ્વામિનારાયણ' કહેવું.
- વાતની શરૂઆત અને અંત હાથ જોડી 'દયાળુ, રાજી રહેજો'થી કરવી તથા સૌને સ્માઇલ આપીને વાત કરવી.
- સૌની સાથે મીઠી વાણીથી હૂંફાળો વ્યવહાર કરવો.
- કોઈને 'તું'કારે ન બોલાવવા.
- દર અઠવાડિયે સાથે મળી સમૂહભોજન તથા ફેમિલિ ટાઇમ સભા કરવી. જેમાં અરસપરસ સૉરી લેટર લખવો તથા એકબીજાના ગુણાનુવાદ કરવા-લખવા.

## જ્ઞાનસત્ર-૧૮ અન્વયે

# પ્રકાશનો

જ્ઞાનસત્ર અન્વયે 'ગુરુદેવ પ.પૂ. બાપજીની એક દિવ્ય ગાથા' નૉવેલ હિન્દી તથા ઇંગ્લિશના પ્રકાશનોનું વિમોચન ગુરુજીના દિવ્ય હસ્તે કરવામાં આવ્યું હતું. વળી, નૂતન વર્ષના સંકલ્પને પુષ્ટિ મળી રહે તેમજ ગુરુજીના ડિવાઇન ડિસિપ્લિનના સંકલ્પને પૂર્ણ કરવા 'વાણી' પુસ્તિકાનું વિમોચન પણ ગુરુજીના હસ્તે કરવામાં આવ્યું હતું.


## ગુરુદેવ પ.પૂ. બાપજીની એક દિવ્ય ગાથા




હિન્દી આવૃત્તિ


**• વિશિષ્ટતાઓ**

- યુગપુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્ય અવતરણ ગાથા.
- જીવનપ્રાણ અબજીબાપાશ્રીના દિવ્ય આશિષે... 'આધા હમારા...' સ્વરૂપની પ્રાગટ્ય ગાથા.
- શ્રીજીસંકલ્પની સેવામાં મળી સ્વ-પ્રતિકૃતિની ભેટ ગાથા.
- સ્વયં શ્રીજીમહારાજ દીક્ષિત દિવ્યપુરુષની દીક્ષા વિધિની ગાથા.
- ગુરુદેવ પ.પૂ. બાપજીના બાળપણની ગાથા; અદ્‌ભુત સામર્થ્યની ગાથા; બૃહત વૈરાગ્યની ગાથા, સર્વશ્રેષ્ઠ સાધુતાની ગાથા.
- એ દિવ્યપુરુષની દિવ્ય ગાથાની સત્ય ઘટનાઓની સ્મૃતિ છબી મુદ્રિત ગ્રાફિકસ નૉવેલ.




અંગ્રેજી આવૃત્તિ

**આવો, અનાદિમુક્ત વિશ્વમ્‌ના ઉદ્‌ગાતા**
**ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્યજીવનની ગાથાને માણીએ...**




# વાણી

**• વિશિષ્ટતાઓ**

- ગુરુજીનાં કૃપાવચનો દ્વારા વાણીમાં વિવેકનું મહત્ત્વ, ફાયદા, ગેરફાયદા, ઉપાયો આદિની સમજૂતી
- કૃપાવચનોના આધારે મહારાજ-મોટાપુરુષના જીવનના દિવ્ય પ્રસંગો અને અન્ય મહાપુરુષોના દૃષ્ટાંતની પ્રસ્તુતિ
- આ પ્રસંગ - દૃષ્ટાંત પરથી સ્વજીવનમાં શું લક્ષ્યાર્થ કરવું જોઈએ એવા એક પોઇન્ટનું નિરૂપણ
- આ પુસ્તિકાનું લક્ષ્યદર્શન છે આપણો વાણી-વ્યવહાર કેવો હોવો જોઈએ ? એની યોગ્ય રીત શીખવવાનો
- આ પુસ્તિકા આપણા સ્વજીવનમાં સભ્યતા, ભકતતા અને દિવ્યતા પ્રગટાવશે
- જીવન જીવવાની પ્રેરણા પામવાનું પ્રાયોગિક ભાથું

**પ્રાપ્તિ સ્થાન :** SMVS સંસ્થાના તમામ બુકસ્ટોલ ઉપરથી ઉપલબ્ધ





### પ્રૉજેક્ટ ઉદ્‌ઘોષ

ચતુર્થ દિને પ્રાતઃ સત્રમાં ગુરુજી દ્વારા બે પ્રૉજેક્ટનો ઉદ્‌ઘોષ થયો : (૧) સ્વામિનારાયણ મહામંત્રના પ્રાગટ્યને ૨૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે તે નિમિત્તે સર્વે સમાજે પરિવાર દીઠ ૧ વર્ષમાં ઓછામાં ઓછી ૨૫ મંત્રલેખનની નોટ લખવી. (૨) દર મંગળવારે રાત્રે ૯થી ૧૦ સંતવાણી પ્રૉજેક્ટ અન્વયે સંસ્થાના પૂ. વડીલ સંતો દ્વારા ઑનલાઈન સભાનો લાભ મળશે.

### મહાઆરતી

જ્ઞાનસત્રના સાયં સત્રોમાં દરરોજ મંચ પર ભવ્ય સિંહાસન પર બિરાજમાન રાજાધિરાજ મહાપ્રભુની શાનદાર મહાઆરતી પૂ. વડીલ સંતો ઉતારતા ત્યારે સમગ્ર વાતાવરણ દિવ્યતાસભર બની જતું. વળી, હરિભક્તો ચમર ઢોળવાનો તથા ધર્મદંડ પકડવાનો લાભ લઈ શ્રીહરિના પ્રગટભાવની દૃઢતા કરતા. ચતુર્થ દિનના સાયં સત્રમાં સમગ્ર સમાજને સમૂહઆરતીનો લાભ મળ્યો હતો. તે દિવસે સમગ્ર મહાઆરતીની સેવાનો લાભ પૂ. સંતોએ અને શ્રીહરિની મહાઆરતી ઉતારવાનો વ્હાલા ગુરુજીએ લાભ લીધો હતો. આ ક્ષણે સભા મંડપમાં ગગન મંડળ તારલાઓ સાથે ઊતરીને મહાપ્રભુને રીઝવતું હોય એવી પ્રતીતિ સર્વત્ર થઈ રહી હતી.

### ગુરુજી દર્શન વિભાગ

જ્ઞાનસત્ર-૧૮ અન્વયે નવા મુમુક્ષુઓને તથા સર્વે લાભાર્થીઓને ગુરુજીનાં નિકટ દર્શનનો લાભ મળે તે હેતુથી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દર્શન વિભાગની રચના કરવામાં આવી હતી. જેમાં દરરોજ સવારે ૬:૩૦થી ૭:૪૫ અને સાંજે ૩:૪૫થી ૫:૦૦ દરમ્યાન ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દર્શન-આશીર્વાદની વર્ષા વરસાવવા બિરાજતા અને સૌને દિવ્યભાવે દર્શન કરવાની રીત શીખવી દર્શનાર્થીને દિવ્યાનંદની અનુભૂતિ કરાવતા. પાંચ દિવસમાં રોજના સરેરાશ ૫૧૦૦થી વધુ મુમુક્ષુઓએ દર્શનનો લાભ લીધો હતો.



## જ્ઞાનસત્ર-૧૮ સ્વાનુભવો

**ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ જે દિવ્ય લાભ આપ્યો તે મુજબ જ્ઞાનસત્ર બાદ સંત-હરિભક્ત સમાજ સ્વજીવનમાં દૃઢાવ કરી રહ્યો છે. આ જ્ઞાનને વર્તન બનાવતાં તેઓને જે અનુભવો થયા છે તે તેઓના મુખે જ માણીએ :**

**સુરેશભાઈ વણઝારા : ભરૂચ**

હું ભરૂચ પોલીસ ખાતામાં છું એટલે સાહજિક રીતે હું સૌની સાથે રોફથી જ વાત કરું. બૉસ થઈને જ ફરવાનો મારો સ્વભાવ, કોઈને નમવાની વાત જ નહીં. પણ જ્ઞાનસત્રના દ્વિતીય દિને ગુરુજીને સમગ્ર સમાજને તેમજ ગરીબડા સંતો-હરિભક્તોને દંડવત કરતા જોઈ અંતર વલોવાઈ ગયું, 'આ તો સ્વયં પરભાવી સ્વરૂપ છે. જો એ દંડવત કરતા હોય, સૌની આગળ દાસ થઈને વર્તતા હોય તો સુરેશ ! તું કઈ વાડીનો મૂળો !! હું પણ માન મૂકી પરિવારના સભ્યોને દંડવત કરીશ.' ઘરે જઈ સેવકે સૌથી પહેલાં ઘરના સભ્યની દંડવત કરી માફી માગી. એ તો મારા આવા વર્તનથી આશ્ચર્યચકિત થઈ ગયાં અને તેમની આંખમાં આંસુ આવી ગયાં કે, 'તમારામાં આટલો બધો ચેઈન્જ !!' આજે હું મારા સ્ટાફ સભ્યો સાથે પણ બહુ કૂણાશભર્યો વ્યવહાર કરું છું. તેઓ કહે છે કે, "સાહેબ, તમે તો દિવાળી પછી સાવ બદલાઈ જ ગયા."

**હરિકીશનભાઈ : હૈદરાબાદ**

मैं वैसे तो नोन गुजराती हूं पर फिर भी SMVS स्वामिनारायण संस्था का सत्संगी हूं। IT Company में जॉब करता हूं। मेरे को ज्ञानसत्र में आने की बहुत इच्छा थी पर मेरी बेटी सिर्फ ८ महिने की हैं। यहां पे उसे लाकर कैसे संभाला जाए ? फिर सोचा कि घर पे ज्ञानसत्र का लाभ ले लेंगे। ज्ञानसत्र के पहले दिन का लाभ लिया तो मैं घर पे रह ही नहीं पाया। इतना दिव्यभाव देखकर मैं पागल सा बन गया। दूसरे दिन तो मैंने इन्सटन्ट फ्लाइट की टिकट करवाई और घर के तीनों सदस्य यहां ज्ञानसत्र में आ ही गए। ये गुरुजी कैसे प्रचंड परभावी स्वरुप है ?

**કિશોરી મુક્ત શ્રેયાબેન જલદીપભાઈ પટેલ : ઇસનપુર**

જ્ઞાનસત્રના બીજા દિવસે સેવક હાજરી આપી શક્યા નહોતા પરંતુ સેવકનાં માતુશ્રી જ્ઞાનસત્રમાં લાભ લેવા ગયેલાં. સભા બાદ વ્હાલા ગુરુજીએ લેસન આપ્યું કે, "તમારી આસપાસ બેઠેલા પાંચ હરિભક્તોને ચરણસ્પર્શ કરી 'જય સ્વામિનારાયણ, દયાળુ રાજી રહેજો.' આટલું કહેવું. સેવકના મમ્મીએ મને ફોન કર્યો. એ વખતે સેવક જૉબ પર હતાં. મમ્મીએ મને ગુરુજીએ આપેલા લેસનને ફૉલો કરવાની વાત કરી. એ સમયે મારી સાથે કામ કરતા પાંચ સભ્યોને મેં દિવ્યભાવે ચરણસ્પર્શ કરી જય સ્વામિનારાયણ કર્યાં. દયાળુ, રાજી રહેજો કહ્યું. તેઓ આશ્ચર્ય સાથે કહેવા લાગ્યાં, "મૅડમ તમે આ શું કરો છો ?" સેવકે કહ્યું, "મારા ગુરુજીએ અમને લેસન આપ્યું છે. મારા મધરનો ફોન હતો માટે લેસન કરી રહી છું."

આ દિવસે બન્યું એવું કે મારી સાથેવાળા સભ્યો અમારા બૉસ માટે નેગેટિવ ચર્ચા કરી રહ્યા હતા કે, સાહેબ સૅલરી નથી વધારતા. આવું તેવું કરે છે ! જ્યારે સેવકે બધાને દિવ્યભાવે ચરણસ્પર્શ કરેલાં એટલે મારામાં સંપૂર્ણ સકારાત્મકતા પ્રસરી ચૂકી હતી. તેથી મારાથી સાહેબ માટે એક પણ નેગેટિવ શબ્દ ન બોલાયો. મેં તેમાં ભાગ જ ન લીધો. થોડા દિવસ પહેલાં જ જૉબમાં જોડાયેલા એક સભ્યએ સાહેબને બધી વાત જણાવી દીધી. સાહેબ ખૂબ ગુસ્સે થઈ ગયા અને અમારી કૅબિનમાં આવી બધાને ખૂબ બોલ્યા. મોટું મહાભારત ખડું થઈ ગયું પરંતુ એક સેવક જ એવાં હતાં જેનું નામ આગળ નહોતું ગયું. સાહેબને મારી પર ભરોસો બેઠો. મારી પર કોઈ રિઍક્શન ન આવ્યાં. આનું કારણ, ગુરુજીએ જ્ઞાનસત્રમાં આપેલ લેસન પ્રમાણે અનુસર્યા તે જ !!!

ગુરુજીના વેણે જીવનના વે'ણ બદલાયાં.

## એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા શૈક્ષણિક સહાય

બાળકો સમાજનું અને દેશનું ભવિષ્ય છે. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી અતિ દયાળુ સ્વરૂપ છે. તેઓની આજ્ઞાથી એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા દર વર્ષે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં સંસ્થાની શાળા, ગુરુકુલ અને દિગ્વિજય મંડળના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય કરવામાં આવી છે. જેમાં માધ્યમિક કક્ષાના ૨૪થી વધુ વિદ્યાર્થીઓને ૪,૦૯,૦૧૪ રૂપિયાની, ઉચ્ચતર માધ્યમિક કક્ષાના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓને ૯૪,૪૫,૯૫૨ રૂપિયાની તથા સ્નાતક કક્ષાના ૨૨થી વધુ વિદ્યાર્થીઓને ૪,૫૨,૫૦૦ રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવી છે. આમ, એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા કુલ ૧,૦૩,૦૭,૪૬૬થી વધુ રૂપિયાની આર્થિક સહાયથી ૨૯૬થી વધુ વિદ્યાર્થીઓ પોતાની ઉજ્જવળ કારકિર્દીની તક પામ્યા હતા.

**શુદ્ધભાવે સહિત કરેલી ભક્તિસાધના પ્રભુપ્રેમનું પ્રતીક છે.**

## વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું યુ.એસ.એ., કેનેડા ખાતે સત્સંગ વિચરણ









મહારાજ અને મોટાપુરુષના પ્રચંડ સંકલ્પોની પુષ્ટિ અર્થે તથા વ્હાલા ગુરુજીના ‘સૌને અનાદિમુક્તની સ્થિતિ પમાડવી જ છે’ આ ભવ્ય સંકલ્પની પુષ્ટિ અર્થે દર વર્ષની જેમ આ વર્ષે પણ વ્હાલા ગુરુજીની આજ્ઞાથી યુ.એસ.એ. અને કેનેડા ખાતે પૂ. સંતોનું વિચરણ યોજાયું. તા. ૧-૭-૨૦૨૪થી તા. ૪-૧૧-૨૦૨૪ દરમ્યાન કુલ ૧૨૭ દિવસના વિચરણમાં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે પૂ. દર્શનસ્વામી, પૂ. મુનિસ્વામી, પૂ. વિનમ્રસ્વામી તથા પ.ભ. દિનેશભાઈ પટેલ પધાર્યા હતા.

તા. ૨ જુલાઈથી યુ.એસ.એ. ખાતે શરૂ થયેલ વિચરણ દરમ્યાન પૂ. સંતોએ એસ.એમ.વી.એસ.ના ચેરીહિલ, એડિસન, જર્સીસિટી, બોસ્ટન, ઍટલાન્ટા, શિકાગો આદિ સેન્ટરોમાં તેમજ ન્યૂજર્સી, પેન્સિલ્વેનિયા, ડેલાવર, મેરીલૅન્ડ, વર્જિનિયા, નોર્થ કેરોલીના, સાઉથ કેરોલીના, ટેનિસી, જૉર્જિયા, ઇંડિયાના, ઇલિનોઈ, મિશિગન, ઓહાયો, કેન્ટકી, અલાબામા, મૅસચ્યૂસિટ્સ, ટેક્સાસ તેમજ મિઝોરી સ્ટેટ એમ કુલ ૧૮ સ્ટેટના અંતરિયાળ નાના-મોટા શહેરોમાં અને છૂટાછવાયા વસતા આપણા હરિભક્તોને અણમોલ લાભ આપ્યો તેમજ કેનેડામાં ઑન્ટૅરિયો સ્ટેટમાં વિન્ડસર, લંડન, વુડસ્ટોક જેવા શહેરોમાં પણ હરિકૃષ્ણ મહારાજ સાથે પૂ. સંતો પધાર્યા હતા. આ વિચરણ દરમ્યાન કુલ ૨૬૨ પધરામણી, ૧૩૯ સભાઓ, ૧૯ રસોઈ, ૭ મહાપૂજા, અગ્રેસર મુક્તો સાથે વિવિધ ૩૬ મિટિંગો, ૨ પાટોત્સવ, રક્ષાબંધન, ગુરુપૂર્ણિમા, ચાતુર્માસ પારાયણ, ચોપડાપૂજન, દિવાળી અન્નકૂટ, પિકનિક, આદર્શ પ્રૉજેક્ટ સભા, સ્ટાફ સભા, રાત્રિ સભા, અગ્રેસર સભા, મહિમા ગોષ્ઠિ, અંગત ગોષ્ઠિ, પ્રાતઃ સભા તેમજ અઠવાડિક સભા, કિશોર સભા, બાળ સભા, ક્રિયાશુદ્ધિ શિબિર તથા ઉપાસના શિબિરમાં હરિભક્તોને પૂ. સંતોએ મહારાજ અને મોટાપુરુષના મહાત્મ્યસભર કરી બળિયા કર્યા હતા.

આમ, વિચરણ દરમ્યાન વિવિધ વિષયો પર પૂ. સંતોએ ખૂબ બળપ્રેરક સત્સંગનો લાભ આપીને લગભગ ૬૭૦૦ જેટલા હરિભક્તોને સુખિયા કર્યા. તા. ૪ નવેમ્બર, ૨૦૨૪ના રોજ વિદેશ વિચરણ પૂર્ણ કરીને સંત મંડળે ઇન્ડિયા તરફ પ્રયાણ કર્યું.


ઘૂંટણના કારણે
ચાલવામાં તકલીફ..?
તો SMVS
સ્વામિનારાયણ
હોસ્પિટલમાં મળશે
RELIEF
આખરે ઘૂંટણના સાંધાનું ઓપરેશન ક્યારે કરાવવું?
ચાલવામાં તકલીફ થવી.
સતત દુખાવો થવો, આરામ કર્યો હોવા છતાં આરામનો અનુભવ ના થવો
ઘૂંટણમાં કઠોરતા કે સોજો રોજિંદા જીવનમાં મુશ્કેલી ઊભી કરે
દવા, ઇન્જેક્શન અથવા ફિઝિયોથેરાપીથી પણ સારવારમાં સુધારો ન થવો
સાંધામાંથી અવાજ આવવો કે ગતિશીલતા ખૂબ જ મર્યાદિત થઈ જવી.
પી.એમ.જે.વાય. મા કાર્ડ (આયુષ્માન કાર્ડ) નો ઉપયોગ કરીને
નિ:શુલ્ક
JOINT REPLACEMENT
(ઘૂંટણના સાંધાનું ઓપરેશન) કરાવો.
તો અચૂકથી આ યોજનાનો લાભ લો.
SMVS
SWAMINARAYAN
HOSPITAL
A Humanitarian Hospital
NABH
Emergency Help Line : 73 73 73 39 04 / 05 I www.smvshospital.com
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.
વધુ માહિતી માટે કોલ કરો : 63 59 77 07 25
info@smvshospital.com
Follow us :



વાસણા

## અન્નકૂટ દર્શન : ૨૦૨૪



ઘાટલોડિયા



ગાંધીનગર, સે.૬



વસ્ત્રાલ




અન્નકૂટ દર્શન : ૨૦૨૪












Ghanshyam, December-2024. Published on 10-12-2024. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.







